ગુજરાત સમાચાર (અમદાવાદ આવૃત્તિ)
રવિવાર, તા. ૧૫ નવેમ્બર, ૨૦૦૯

# હથેળીમાં રાખી શકાય તેવું ફ્લેશ ટીવી ડીવીડીનો વિકલ્પ બની રહેશે

અમદાવાદ, શનિવાર

આગામી દિવસોમાં ઘેર બેઠા મૂવી અથવા ડિજીટલ કેમેરામાં પાડેલા ફોટા કે પિક્ચર જોવા, કોપી કરવા, અને ડાઉનલોડ કરવા માટે ડીવીડી અને વીસીડી વસાવવાની જરૂર રહેશે નહીં. ફ્લોપી, પેન ડ્રાઈવ, વગેરે જેવી કોમ્પ્યુટર ડિવાઈસ ક્ષેત્રની જાણીતી કંપની એમ્ટેક દ્વારા 'ફ્લેશ ટીવી' સૌપ્રથવાર બજારમાં મૂકવામાં આવી રહ્યું છે. કોમ્પ્યુટર પર સતત કામ કરવાને કારણે બેક પેઈનની ફરિયાદથી છૂટકારો મળે તે માટે આ કંપનીએ માઉસ સાથેનું નવી ડિઝાઈનનું વાયરલેસ કી બોર્ડ બજારમાં મૂકનાર છે.

ટેકનોલોજી ક્ષેત્રે નવી નવી શોધ અને ક્રાંતિ થઈ રહી છે. ડિજીટલ મિડિયા ક્ષેત્રે વધુ સરળતાથી કામગીરી થઈ શકે તે હેતુસર ગ્રાહકોને પરવડી શકે તટલી કિંમતે ફ્લેશ ટીવી ટૂંક સમયમાં બજારમાં ઉપલબ્ધ બનશે. ફક્ત ૯.૬ સે.મી. X ૬.૬ સે.મી.નું કદ ધરાવતું આ ફ્લેશ ટીવીનું વજન ફક્ત ૪૫ ગ્રામ છે અને ફક્ત બે કેબલ લગાવીને ઉપયોગમાં લઈ શકાશે. તમારા યુએસબી હાર્ડ ડ્રાઈવ, ફ્લેશ ડ્રાઈવ અથવા મેમરી કાર્ડમાં સંગ્રહ કરેલા ડેટાનો ઉપયોગ કરી શકાશે તેમજ લો પાવર પ્રોસેસિંગને લીધે વીજળીની બચત થશે.

કંપનીના ડાયરેક્ટર રાજીવ બાફનાએ કહ્યું કે, ડિજીટલ ક્રાંતિના હાલના યુગમાં ગ્રાહકો વધુ ઝડપી, સારી, અને પોતાના બજેટને પરવડી શકે તેવી ટેકનોલોજી અપનાવવાનું વલણ ધરાવે છે. ઓછું વજન ધરાવતા અને કામગીરીમાં સરળતા પૂરી પાડતા કી બોર્ડને લીધે કોમ્પ્યુટર પર વધુ સમય કામ કરનારી વ્યક્તિને બેક પેઈનની ફરિયાદ રહેશે નહીં.